# વતનની માટી

–આશા વીરેન્દ્ર

દીવાળીના તહેવાર નજીકમાં જ હતા. અહીં પરદેશની ભુમી પર હું સાવ એકલો હતો; ઘર–પરીવાર, સ્નેહીજનોથી દુર. જીન્દગીની કદાચ આ પહેલી જ દીવાળી હતી જ્યારે હું મારા કુટુમ્બની સાથે નહોતો. કમ્પનીના કામે એકાદ મહીના પહેલાં લંડન આવ્યો અને હજી ચાર–પાંચ મહીના સુધી રોકાવું પડે એમ હતું.

અહીં બનેલા નવા મીત્રો, સહકર્મચારીઓ સૌને દીવાળી નીમીત્તે કંઈ ને કંઈ ભેટ આપવી જોઈએ એમ વીચારીને હું ખરીદી કરવા નીકળેલો. 'ઈન્ડીયન સ્પાઈસ શૉપ' નામના સ્ટોરમાં દરેકેદરેક પ્રકારની ભારતીય ચીજ–વસ્તુ મળી જાય. હું દીવા, મીણબત્તી, રંગોળી માટેના રંગોના કાઉન્ટર પર બધું જોવામાં મશગુલ હતો ત્યાં કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો :

'એક્સક્યુઝ મી, આપ ઈન્ડીયાથી આવો છો ?'

કફની–લેંઘો અને પગમાં જયપુરી મોજડી પહેરેલો મારો દેખાવ જ એવો હતો કે જેની પર ભારતીયતાની છાપ હતી. લગભગ પચાસેક વર્ષની લાગતી એ સ્ત્રીને મેં ધારીને જોઈ. સુંદર, નમણા ચહેરા પર ભાવવાહી આંખો. પણ એ આંખોમાંથી ઉદાસી ડોકીયાં કરતી હતી. આધુનીક પહેરવેશ; છતાં એનાં મુળીયાં ભારતીય ભુમીમાં હતાં એવું મને એને જોતાંની સાથે લાગ્યું. મેં જવાબ આપ્યો, 'હા, મૅમ, હું હૈદરાબાદથી આવું છું.'

એની આખોમાં એક અજબ પ્રકારની ચમક આવી ગઈ. તેણે કહ્યું, 'કેટલું સારું ! તમને ભારતમાં રહેવા મળે છે. લંડનમાં વધુ રોકાવાના છો કે ભારત પાછા જવાના ?'

'હું મારી કમ્પનીના કામે આવ્યો છું. હજી ચારપાંચ મહીના તો રોકાવું પડશે. ત્યાર પછી ભારત પાછો જઈશ.'

'મારાં લગ્ન થયાં તે પહેલાં હું મુમ્બઈ રહેતી હતી. હવે તો પચીસ વરસથી અહીં છું. લંડન આવ્યા પછી એક્કે વાર ભારત ગઈ નથી..' કહીને એણે કદાચ નીસાસો નાખ્યો અથવા મને એવું લાગ્યું. પણ તરત જ ચહેરા પર પરાણે હાસ્ય લાવતાં એ બોલી, 'હું માનું છું કે જે કોઈ ભારત જઈ શકે તે નસીબદાર છે.'

અમારી વાત ચાલતી હતી ત્યાં એક યુવાન આવ્યો અને કહેવા લાગ્યો, 'મૉમ, બહુ મોડું થઈ ગયું, નીકળવું છેને ?' અને એ જલદી જલદી મને 'બા....ય' કહીને જતી રહી. તે દીવસે હું ક્યાંય સુધી એને વીશે વીચારતો રહ્યો. પચ્ચીસ પચ્ચીસ વર્ષ સુધી લંડનની ઝાકઝમાળભરી જીન્દગી જીવ્યા પછી પણ એને ભારતનું આટલું આકર્ષણ કેમ હશે ?

જાણે આ મારા સવાલનો જવાબ આપવા માટે જ હોય એમ પંદરેક દીવસ પછી મને એક મૉલમાં તે મળી ગઈ. એણે હસીને મને 'કેમ છો ?' પુછ્યું.

મેં કહ્યું, 'મઝામાં. પણ આપણી તે દીવસની મુલાકાત બહુ ટુંકી રહી. મારે તમારી સાથે થોડી વાતો કરવી છે. તમને વાંધો ન હોય તો રેસ્ટોરંટમાં બેસીએ ?' આજે એને બીલકુલ ઉતાવળ નહોતી એટલે કૉફીની ચુસ્કી લેતાં લેતાં અમે બન્ને વાતે વળગ્યાં. એણે કોઈ ઔપચારીકતા વીના મારા સવાલોના જવાબ આપ્યા.

'મારાં બે સંતાનો. એક દીકરો. જેને તમે તે દીવસે જોયો. એ અહીંની જ છોકરી સાથે પરણ્યો છે. અમે ઈન્ડીયા હતાં ત્યારે એનો જન્મ થયેલો. એનું નામ સમીર પાડેલું; પણ હવે એ 'સેમ'ના નામે ઓળખાય છે.'

'અને બીજું સંતાન ?'

'સેમથી નાની દીકરીનું નામ છે 'સારા'. એનો જન્મ અમે અહીં  લંડન આવ્યાં પછી થયો.'

'તમારા પતી શું કરે છે ?'

પતી વીશે વાત કરવાનો ઝાઝો ઉમળકો ન હોય એવા ભાવ સાથે એ બોલી, 'ટી.વી.માં આર્ટ ડાયરેક્ટર છે. લગ્ન પહેલાં હું મુમ્બઈ હતી ત્યારે રેડીયોમાં એનાઉન્સરની નોકરી કરતી. ત્યાં જ મારી અને દીપેન્દ્રની ઓળખાણ થઈ અને ધીમેધીમે પરીચય પ્રેમમાં પલટાયો. અમે મરાઠી અને એ પંજાબી. મારા ઘરમાં સખત વીરોધ હતો.'

'તો પછી તમે લગ્ન કેવી રીતે કર્યાં ?' મને એની વાતમાં રસ પડતો જતો હતો..

'ભાગીને. પણ મારાં પીયરીયાંઓએ એ પછી મારી સાથેનો સમ્બન્ધ તોડી નાખ્યો. સમીરનો જન્મ થયાના સમાચાર મોકલ્યા, તોયે કોઈ જોવા ન આવ્યું; મા પણ નહીં.' બોલતાં બોલતાં એની આંખોમાં આંસુ છલકાયાં એ એણે ટીસ્યુ–પેપરથી લુછ્યાં..

'દીપેન્દ્રનું લંડન રેડીયો માટે સીલેક્શન થયું ને અમે ભારત છોડી લંડન આવી ગયાં. શરુઆતમાં અહીંની જીવનપદ્ધતીમાં ગોઠવાવું મારે માટે બહુ મુશ્કેલ હતું. વખત જતાં એમાં તો હું ગોઠવાઈ ગઈ; પણ આજ સુધી હું મનથી અહીં ગોઠવાઈ શકી નથી.

'દીકરાએ એની મનપસંદ છોકરી સાથે લગ્ન કર્યાં ને ખુશ છે. દીકરી એના મીત્ર સાથે લગ્ન વીના પણ રાતોની રાતો ગાળે છે. પતી કોઈ અચકાટ વીના મારા દેખતાં જ એની સ્ત્રીમીત્રને ગળે વળગાડે છે. જો દીકરાને આ વીશે કંઈ પણ કહેવા જાઉં તો કહે છે :

'મૉમ, તારા વીચારો આવા જુનવાણી કેમ છે ? આટલા મોટા લંડનમાંથી તું પણ એકાદ ફ્રેન્ડ શોધી કાઢ ને તારી રીતે મઝા કર. – આ છે અહીંની સંસ્કૃતી ! જેમાં દીકરો માને શીખામણ આપે છે કે, તું પણ મીત્ર શોધી કાઢ ! મારા ભર્યા–પુર્યા સંસાર વચ્ચે હું એકલી છું, સાવ એકલી !' કહેતાં કહેતાં તે એ રડી પડી.

મેં કહ્યું, 'તમે ભારતીય સંસ્કૃતી અને ભારત માટે આટલું ઝુરો છો તો એકાદ વખત તો મારે ત્યાં આવો ! મારું તમને આગોતરું આમંત્રણ છે.'

'આવીશ. જરૂર આવીશ. જ્યારે અહીંની એકલતા મારાથી સહન નહીં જ થાય ત્યારે અથવા તો મારાં દીકરા–દીકરીનાં સંતાનોને લઈને હું ભારત આવીશ અને બતાવીશ કે જુઓ, આ છે મારી માતૃભુમી. પણ અત્યારે મારું એક કામ કરશો ? ભારતના એરપોર્ટ પર ઉતરો ત્યારે ત્યાંની ધુળ માથે ચડાવીને મને યાદ કરજો. આટલું કરશોને ?'

પછી મારો જવાબ સાંભળ્યા વીના જ એ ઉઠીને ચાલી ગઈ.

(મીના ખોંડની મરાઠી વાર્તાને આધારે)

તા. 01/12/2012ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

**–આશા વીરેન્દ્ર**

સર્જક–સમ્પર્ક :

બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

'હરીશ્ચન્દ્ર' બહેનોના દેહાવસાન પછી, વર્ષોથી 'ભુમીપુત્ર'ને છેલ્લે પાને આવતી વાર્તા આપવાનું કામ બહેન આશા વીરેન્દ્રે સંભાળ્યું છે. એમની પાસેથી આપણને ગુજરાતી સીવાયની અન્ય ભાષાઓમાં રચાયેલી નાનકડી જીવનલક્ષી વાર્તાઓ નીયમીત મળતી રહેશે..

..ઉત્તમ ગજ્જર..

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ આઠમું - અંકઃ 267 – April 07, 2013

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 2,01,25,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 17,90,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 4,40,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@